પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 19-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : THURSDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) દાહોદ જિલ્લાના પ્રવાસના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસકાર્યોના આયોજનની સમીક્ષા કરી – સ્થાનિકો અને બાળકો સાથે સંવાદ કર્યો.

2) રાજ્યભરના રાજમાર્ગો પર આવેલી હોટેલ, રેસ્ટોરાં અને ઢાબાઓ પર આજથી આરોગ્ય વિભાગની તપાસનો પ્રારંભ.

3) જામનગરમાં વાયુસેનાની સહાયતા સેતુ કવાયતનું સમાપન – CDS જનરલ N. S. રાજા સુબ્રમણિએ કહ્યું, માનવીય મદદ અને આપત્તિ રાહતના ક્ષેત્રમાં ભારતનો દ્રષ્ટિકોણ પડોશી પ્રથમ નીતિની કલ્પનાથી પ્રેરિત છે.

4) રાજ્યમાં આગામી બે દિવસ ઠંડી વધવાની આગાહી.

5) અમદાવાદમાં આજથી ત્રીજી અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન ક્લસ્ટર સ્પર્ધાનો પ્રારંભ – દેશભરમાંથી આવેલી 38 ટીમ વચ્ચે મુકાબલો.

6) થાઈલૅન્ડમાં આયોજિત વિશ્વ પેરા ટેબલટેનિસ સ્પર્ધામાં રાજ્યનાં ખેલાડી સોનલ પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યો.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM DAHOD SECOND DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના ત્રણ દિવસના પ્રવાસના બીજા દિવસે આજે ધાનપુર તાલુકાની મુલાકાત લીધી. તેમણે રતનમહાલના જંગલ વચ્ચે ભુવેરો ગામમાં આવેલા આદિવાસી સમાજની લોકઆસ્થા અને પરંપરાના પ્રતીક પ્રાચીન બાબાદેવના સ્થાનકે દર્શન કર્યા. આદિવાસી સમાજમાં બાબાદેવને ગામના રક્ષક અને સુખાકારીના દેવ તરીકે પૂજવામાં આવે છે.

(VOICECAST: JAYESH PATEL)

(દાહોદના ધાનપુર તાલુકાની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પિપરગોટા ગામના નંદઘર-આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી. દરમિયાન તેમણે બાળકો સાથે હળવાશભર્યો સંવાદ કરી પોષણ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આંગણવાડીમાં બાળકોને અપાતા પૌષ્ટિક નાસ્તાની ગુણવત્તા, પોષણયુક્ત આહારની વ્યવસ્થા અને બાળકોના આરોગ્ય તથા પોષણ અંગેની કામગીરીની સમીક્ષા કરી. આ ઉપરાંત શ્રી પટેલે ધાનપુર તાલુકાના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર રતનમહાલ પરિયોજનાની મુલાકાત લીધી. વિંધ્યાચલ, અરવલ્લી અને સાતપુડાની ગિરિમાળાઓના સંગમ સમા આ વિસ્તાર અને રિંછ અભયારણ્ય પર્યાવરણ સંરક્ષણ તેમજ ઇકો-ટૂરિઝમની અપાર સંભાવનાઓ ધરાવે છે. તેમણે સ્થાનિક વિકાસકાર્યોના આયોજનની સમીક્ષા કરી. તેમજ સ્થાનિકો સાથે ચા પણ પીધી હતી. જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

HEALTH DEPARTMENT DRIVE

રાજ્યભરમાં આજથી રાષ્ટ્રીય રાજમાર્ગ તથા રાજ્યના મુખ્ય રાજમાર્ગો પર આવેલી હોટેલ, રેસ્ટોરાં અને ઢાબામાં આરોગ્ય વિભાગ દ્વારા તપાસનો પ્રારંભ કરાયો. દરમિયાન ભેળસેળ કરનારા અને અસ્વચ્છ એકમો સામે “ઑપરેશન હૅલ્થ” હેઠળ કડક કાર્યવાહી કરાશે. આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં તેમણે આરોગ્ય વિભાગને તપાસ માટેના આદેશ આપ્યા હતા.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

આજથી ગુજરાતમાં તમામ હોટેલો ચેક થશે. જે હોટેલો ગંદકી છે, પ્રોબ્લેમ છે એમને સામેથી એક દિવસ કે બે દિવસ હોટલ બંધ રાખીને પણ સ્વચ્છ કરવી પડશે. નહીં કરે તો દંડાશે એ ચોક્કસની વાત છે અને જો એનાથી પણ આગળ અમારે પગલું લેવું પડતું હોય તો હોટલનું લાઇસન્સ પણ અમે સસ્પેન્ડ કરતા અચકાશું નહીં. કારણ કે તમારે ગંદું ખવરાવવાનો કોઈ જ હક નથી અને ગ્રાહકે એકદમ સ્વચ્છ અને હાઇજેનિક ફૂડ ખરીદવાનો પોતાનો પૂર્ણ અધિકાર છે.

AIRFORCE SAHAYTA SETU

ભારતના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ – CDS જનરલ એન. એસ. રાજા સુબ્રમણિએ કહ્યું, માનવીય મદદ અને આપત્તિ રાહત દેશ અને વ્યાપક પડોશી ક્ષેત્રમાં માનવીય સુરક્ષા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. જામનગરમાં વાયુસેના મથક ખાતે વાર્ષિક સંયુક્ત માનવીય સહાયતા અને આપત્તિ રાહત કવાયત 2026 સહાયતા સેતુના ત્રીજા અને અંતિમ દિવસ નિમિત્તે સંબોધન કરતા જનરલ સુબ્રમણિએ આ વાત કહી. તેમણે કહ્યું, માનવીય મદદ અને આપત્તિ રાહતના ક્ષેત્રમાં ભારતનો દ્રષ્ટિકોણ પડોશી પ્રથમ નીતિ અને વિઝન મહાસાગરની કલ્પનાથી પ્રેરિત છે. ભારત, હિન્દ મહાસાગર ક્ષેત્રની સાથે વ્યાપક ભારત-પ્રશાંત ક્ષેત્રમાં પણ એક વિશ્વાસપાત્ર પ્રથમ રાહત પહોંચાડનારા દેશ તરીકે ઉભર્યો હોવાનું જનરલ સુબ્રમણિએ પોતાના સંબોધનમાં ઉમેર્યું.

(BYTE: GENERAL N. S. RAJA SUBRAMANI, CHIEF OF DEFENSE STAFF)

(Humanitarian assistance and disaster relief. मानवीय सहायता और आपदा राहत भारत और उसके आसपास के व्यापक क्षेत्र में मानव सुरक्षा के प्रति भारत की प्रतिबद्धता की अभिव्यक्ति है। आज की आपदाग्रस्त दुनिया में प्रभावी प्रतिक्रिया किसी एक एजेंसी की क्षमता नहीं है। इसके लिए सरकार, रक्षा बलों, एनडीआरएफ, अर्धसैनिक बलों, नागरिक एजेंसियों, उद्योग, प्रौद्योगिकी और हमारे नागरिकों सहित राष्ट्रव्यापी समन्वित दृष्टिकोण की आवश्यकता है। and our citizens.)

ઉલ્લેખનીય છે કે, 24 મિત્ર દેશોની સહભાગિતા સાથે મંગળવારથી શરૂ થયેલી બહુરાષ્ટ્રીય માનવતાવાદી સહાય આપત્તિ રાહત કવાયત સહાયતા સેતુનું આજે સમાપન થયું.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

SOMNATH UP RAJYAPAL

ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં સોમેશ્વર પૂજા કરી. ત્યારબાદ તેમણે ઢોલ-શરણાઈના સૂર વચ્ચે મંદિરની પ્રદક્ષિણા કરી ધ્વજારોહણ કર્યું હતું. શ્રી સોમનાથ મંદિરના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ ટ્રસ્ટ વતી રાજ્યપાલશ્રીને સોમનાથ મહાદેવની તસવીર અને પ્રસાદ ભેટ અર્પણ કરી. ઉપરાંત વેરાવળ સ્થિત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળે ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

STATE WEATHER UPDATE

રાજ્યના કેટલાક જિલ્લામાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે ત્યારે આગામી બે દિવસ ઠંડી વધવાની આગાહી હોવાનું હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

आने वाले 7 दिनों के लिए हम गुजरात स्टेट के लिए फोरकास्ट की बात करेंगे। तो गुजरात रीजन में और सौराष्ट्र और कच्छ रीजन में आने वाले 7 दिनों के लिए ड्राई वेदर प्रिवेल करेगा। और मिनिमम टेंपरेचर की बात करेंगे तो आने वाले दो दिनों के लिए मिनिमम टेंपरेचर में 2 से 3 डिग्री की गिरावट का पूर्वानुमान है। उसके बाद मिनिमम टेंपरेचर में 2 से 3 डिग्री की बढ़ोतरी का पूर्वानुमान है।

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 17 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું. જ્યારે ગાંધીનગરમાં 18 અને અમદાવાદમાં 19 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

ONGC OIL THEFT

ગુજરાત ATS આતંકવાદ વિરોધી દળે ONGC કંપનીની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર રીતે ક્રુડ ઑઈલ એટલે કે, કાચા તેલની ચોરી કરતા છ લોકોની ધરપકડ કરી. સત્તાવાર યાદી મુજબ, અમદાવાદના વટવા વિસ્તારમાં એક પાર્કિંગ પ્લૉટમાં તપાસ કરાતાં ONGC લખેલા ટેન્કરમાંથી ક્રુડ ઑઈલની ચોરી થતી હોવાનું જણાયું. પકડાયેલાં આ લોકોએ અત્યાર સુધી અંદાજે આઠ હજાર લિટર ક્રુડ ઑઈલની ચોરી કરી વેચાણ કર્યું હોવાનું પણ જણાયું છે. ગુજરાત એટીએસની ટીમે આ છ લોકો પાસેથી 22 લાખ 35 હજાર રૂપિયાનો સામાન કબજે કર્યો છે. જ્યારે એક વ્યક્તિને વૉન્ટેડ જાહેર કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

MSGR STAMP DUTY PAHEL

મહીસાગરમાં સ્ટેમ્પ ડ્યૂટીની ચોરી અટકાવવા લોકો માટે વ્હોટ્સએપ નંબર 87994 63682 જાહેર કરાયો. ઇ-સ્ટેમ્પિંગ કેન્દ્ર પર વધુ ભાવ વસૂલ કરતા દુકાનદારોની લોકો આ નંબર પર ફરિયાદ કરી શકશે. એટલે હવે જિલ્લાના લોકો સીધા જ નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાને માહિતી પહોંચાડી શકશે.

MRB POLICE ACTION

મોરબી જિલ્લામાં પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા નંબર પ્લેટ ન ધરાવતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી. રાજમાર્ગ પર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકોને અટકાવી તપાસ કરવામાં આવી હતી.

AMD AIPBC START

રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે ત્રીજી અખિલ ભારતીય પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર 2026 સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. પોલીસ અને અર્ધલશ્કરી દળોમાં ખેલદિલી, શારીરિક તંદુરસ્તી અને સૌહાર્દને પ્રોત્સાહન આપવાના હેતુસર યોજાયેલી આ સ્પર્ધામાં બેડમિન્ટન અને ટેબલ ટેનિસની રમત રમાશે. આગામી 24 નવેમ્બર સુધી યોજાનારી આ સ્પર્ધા દેશભરમાંથી કુલ 38 ટીમ ભાગ લઈ રહી છે. સ્પર્ધા દરમિયાન અન્ય રાજ્યોના પોલીસ જવાનોના અનુભવ જાણવા મળશે તેમ, રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું.

(BYTE: G. S. MALIK, DGP)

पुलिस में या सभी जगह थोड़ा लोग ज्यादा से ज्यादा टीवी और मोबाइल की दुनिया से आप स्पोर्ट्स में थोड़ा रहोगे, आपका मेंटल और फिजिकल फिटनेस भी अच्छा रहेगा। और यहां जैसे आप इंटरेक्शन करते हो अलग-अलग स्टेट्स के पुलिस से, पैरामिलिट्री फोर्स से, तो काफी जानने को भी मिलता है, इंटरेक्शन होता है, वहां का पुलिसिंग के बारे में भी चर्चा होगी। तो यह सबके लिए एक अच्छा माहौल होता है। और अच्छा यहां आयोजन किया गया है, तो आप सभी से अनुरोध है कि आप यहां आएं और खेल को देखें, एंजॉय भी करें।

TABLE TENNIS SONAL PATEL MEDAL

રાજ્યનાં દિવ્યાંગ ટેબલટેનિસ ખેલાડી સોનલ પટેલે થાઈલેન્ડના પટ્ટાયામાં આયોજિત વિશ્વ પેરા ટેબલટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો. અમદાવાદનાં વિરમગામનાં ખેલાડી સોનલ પટેલ આ જીત સાથે આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ચંદ્રક જીતનારાં પહેલાં ભારતીય ખેલાડી બન્યાં છે. તેમણે મહિલા સિંગલ્સ વર્ગ ત્રણમાં આ સિદ્ધિ મેળવી છે.

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સોશિયલ મીડિયા સંદેશમાં ખેલાડી સોનલ પટેલને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, આ ખેલાડીએ વૈશ્વિક મંચ પર ભારતીય પેરા ટેબલટેનિસને નવી ઉંચાઈએ પહોંચાડી છે.

VLS KUDO MEDAL

વલસાડનાં ખેલાડી જયવી ભાનુશાલીએ અમદાવાદમાં યોજાયેલી કુડો સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે યોજાયેલી 18-મી અક્ષયકુમાર આંતર-રાષ્ટ્રીય કુડો સ્પર્ધામાં તેમણે 11 વર્ષથી ઓછી વયની છોકરીઓની 33 કિલોવર્ગ શ્રેણીમાં આ સિદ્ધિ મેળવી. ઉપરાંત જયવી ભાનુશાલીએ 17-મી કુડો રાષ્ટ્રીય સ્પર્ધા 2026-27માં પણ આ જ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીતીને એકસાથે બે સિદ્ધિ હાંસલ કરી છે.